# 16 માતૃહૃદય (સાહસકથા)

– કનૈયાલાલ રામાનુજ

**1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્નની સામે ☐ માં લખો :**

(1) અપંગ તનનાં પણ મનનાં નહિ, એટલે … [B]
A. શરીર અપંગ છે એટલે મન નબળું. B. મનની મક્કમતા બહુ મોટી વાત.
C. અપંગ માણસથી કશું ન થઈ શકે. D. અપંગ જીવતા મૂઆ છે.

(2) બાઈ કરગઠિયાં વીણવા નીકળી હતી, કારણ કે … [A]
A. સાંજે રાંધવા માટે જરૂરી હતાં. B. જંગલમાં તે વાત સહજ હતી.
C. દવામાં ઉપયોગમાં લેવાનાં હતાં. D. અગ્નિ પેટાવવો હતો.

(3) બાળકની નજર સામેની ભેખડના પથ્થર પર પડી ત્યાં … [D]
A. નીચે ઊંડી ખાઈ દેખાતી હતી. B. સિંહણીની બોડ દેખાતી હતી.
C. બોડની બહાર સિંહનું નાનું બચ્ચું દેખાતું હતું. D. ગલૂડિયું દેખાતું હતું.

(4) માલધારી સ્ત્રીના બાળકે કોને પોતાનો દોસ્ત બનાવ્યો? [B]
A. દીપડાના બચ્ચાને B. સિંહબાળને C. રીંછબાળને D. હરણબાળને

(5) બાળકને મન અદ્ભુત રમકડું કયું હતું? [D]
A. ઘૂઘરો B. સાઇકલ C. છુકછુક ગાડી D. સિંહબાળ

(6) માનવબાળની ગંધ કોને આવી? [A]
A. સિંહણને B. વાઘને C. દીપડાને D. ચિત્તાને

(7) માતૃહૃદય પાઠમાં વધારે તો … [C]
A. બીક લાગે તેવી વાત છે.
B. ગભરાઈ જવાય તેવી વાત છે.
C. માતાના પોતાના બાળક પ્રત્યેના પ્રેમની વાત છે.
D. પશુપ્રેમની વાત છે.

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર *એક-એક* વાક્યમાં લખો :**

(1) ગિરનાર કોની જેમ બેઠો છે? ગિરનાર કોઈ અવધૂત વૈરાગી સાધુ ની જેમ બેઠો છે.

(2) પ્રાગડ ફૂટે એટલે માલધારીઓ શું કરતા? પ્રાગડ ફૂટે એટલે માલધારીઓ ભેંસો અને બીજાં ઢોરોને લઈ ચરાવવા ઊપડી જતા.

(3) માલધારી કોમને કોની સાથે આજીવન ઝઝૂમવું પડે છે? માલધારી કોમને સિંહના ઘુઘવાટા અને દીપડાની લુચ્ચાઈ સાથે આજીવન ઝઝૂમવું પડે છે.

(4) સિંહણના બચ્ચાને જોઈને બાળકે શું કર્યું? સિંહણના બચ્ચાને જોઈને બાળકે તેને વહાલપૂર્વક તેડી લીધું અને તે બચ્ચા પર હાથ ફેરવવા લાગ્યો.

(5) કુદરતની બલિહારી શી હતી? કુદરતની બલિહારી આ હતી: માલધારી સ્ત્રી અને સિંહણની વચ્ચે બે મૂલકો હતાં. એક પશુહૃદયધારી અને બીજું માનવ-હૃદયધારી.

(6) બંને માતાઓ પોતપોતાનાં શિશુને લઈને ક્યાં ગઈ? સિંહણ પોતાના શિશુને લઈને પોતાની બોડમાં ગઈ અને માલધારી સ્ત્રી પોતાના બાળકને લઈને પોતાના નેસડામાં ગઈ.

(7) માનવ અને પશુનાં ભિન્ન ખોળિયાંમાં કઈ બાબતે ભેદ નથી હોતો? માનવ અને પશુનાં ભિન્ન ખોળિયામાં મમતા અને પ્રેમ આ બાબતો સમાન છે.

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યોમાં લખો :**

(1) 'ઉં … ઉં' અવાજ કોણ કરતું હતું? શા માટે? ઉં...ઉં અવાજ સિંહબાળ કરતું હતું. તે તાજું જન્મેલું હતું, તેથી દેખાવમાં માંસના લોચા જેવું હતું. તે એના નાના પગ વડે ભેખડ પરથી ઊતરવા પ્રયત્ન કરતું હતું, પણ ઊતરી શકતું ન હોતું. તેથી અવાજ કરતું હતું.

(2) માલધારી સ્ત્રી શા માટે મનોમન પસ્તાવો કરવા લાગી? માલધારી સ્ત્રી કરગઠિયાં વીણતી આગળ નીકળી ગઈ, એનું બાળક પાછળ રહી ગયું એની તેને ખબર ન રહી. અને સિંહણની ડણક સાંભળી ત્યારે ખબર પડી કે એનું બાળક ત્યાં નથી. પોતાના હૃદયના ટુકડાને આમ રેઢો મૂકવા બદલ તે મનોમન પસ્તાવો કરવા લાગી.

(3) માલધારી સ્ત્રીનો જીવ અડધો કેમ થઈ ગયો? માલધારી સ્ત્રીનું બાળક તેની પાછળ-પાછળ આવતું હતું. સ્ત્રી કરગઠિયાં વીણતાં બાળકને ભૂલી ગઈ જ્યારે તેણે સિંહણની ડણક (ગર્જના) સાંભળી ત્યારે તેને બાળક યાદ આવ્યું. બાળકને ન જોતાં માલધારી સ્ત્રીનો જીવ અડધો થઈ ગયો.

(4) માતાને કયું દૃશ્ય જોઈને ધરતી ગોળ ગોળ ફરતી લાગી? એક બાજુ માલધારી સ્ત્રીનું શિશુ સિંહબાળને રમાડી રહ્યું હતું. અને બીજી બાજુ સિંહણ એના બચ્ચાને જોઈ એની નજીક આવી રહી હતી. માલધારી શિશુની માતાએ આ ભયાનક દૃશ્ય જોયું અને તેને ધરતી ગોળ ગોળ ફરતી લાગી.

**4. નીચેના પ્રશ્નોના ઉત્તર વિસ્તારથી લખો :**

(1) 'માનવ હોય કે પશુ – માતૃહૃદય તો સૌનાં સરખાં !' આ પંક્તિનો અર્થ સમજાવો.

બાળકના બગલમાં સિંહબાળ હતું. એક બાજુ બાળકની માતા હતી. બીજી બાજુ સિંહણ હતી. પરિસ્થિતિ તંગ હતી. સહૃદયી માતાના સમજાવવાથી બાળકે સિંહબાળને મૂકી દીધું. તે પોતાની મા પાસે દોડી ગયું. બંને માતાઓની આંખો મળી. બંનેના માતૃહૃદયોએ કંઈક વાત કરી. બંનેના હૃદયમાં શિશુ પ્રત્યેની મમતા અને પ્રેમ સમાન હતાં. માનવ હોય કે પશુ, માતૃહૃદય તો સૌનાં સરખાં!

(2) માલધારી પરિવારનું વર્ણન તમારા શબ્દોમાં લખો. ગીરના જંગલ માં સાતેક ઝૂંપડાં નો નેસડો હતો. નામ એનું કરમણા દાણિયા. એમાં સાત ઘર અને આઠી કોમના માલધારીઓ રહે. બધામાં એક જ કુટુંબનાં હોય એવો સંપ હતો. સવાર થાય એટલે માલધારીઓ એમનાં ઢોર લઇને ચરાવવા જંગલમાં નીકળી પડે. સ્ત્રીઓ નેસડા માં પાંચ સો ભેંસોનાં મેળવેલા દૂધનાં દહીં વલોવે. સાંજ પડે એ સ્ત્રીઓ બળબળતા વીતેલા જંગલ માં જાય. માલધારીઓ સાંજ પડતાં ઢોરો લઇને નેસડામાં પાછા ફરે.

(3) સિંહણે હુમલો કેમ ન કર્યો? એક બાજુ માલધારી સ્ત્રી અને બીજી બાજુ સિંહણ - બંને માતાઓ હતી. એમની વચ્ચે તેમનાં શિશુઓ હતા. ઘડીભર બંને માતાઓ હતી. એમની વચ્ચે તેમનાં શિશુઓ હતા. ઘડીભર બંને માતાઓએ આંખ મિલાવી. માલધારી સ્ત્રીને પોતાના બાળકને લઇને પોતાના નેસ માં જવું હતું. સિંહણને પોતાના બાળકને લઇને પોતાના નેસ માં જવું હતું. સિંહણ ને પોતાના શિશુને લઇને બોડમાં જવું હતું. શિશુ પ્રત્યેની મમતા અને પ્રેમમાં તેમની વચ્ચે કશો જ ભેદ ન હોતો, તેથી સિંહણએ હુમલો ન કર્યો

**5. નીચેનાં વિધાનોનાં કારણો આપો :**

(1) સિંહબાળ ભેખડ ઉપર વિચિત્ર અવાજ કરતુ હતું, કારણ કે …
તે ભેખડ ઊતરવા પ્રયત્ન કરતું હતું પણ તેનાથી ઉતરાતું ન હોતું.

(2) માલધારી સ્ત્રી ચોંકી ઊઠી, કારણ કે …
કરગઠિયાં વીણતાં-વીણતાં એણે ડણક સાંભળી હતી.

(3) સિંહણે ત્રાડ નાખી, કારણ કે …
એક માનવબાળ તેના બચ્ચાને ઉઠાવીને લઇ જતું હતું.

(4) માલધારી બાળકે સિંહબાળને છોડી દીધું, કારણ કે …
તેની મા તેને તેમ કરવા કહી રહી હતી.

**6. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(1) પાંચ સો ભેંસુનાં મેળવેલ દૂધના દહીંને વલોવવા એ નાજુક પણ મજબૂત હાથો કામે લાગી જાય. (મેળવેલ, ભેળવેલ)

(2) ઘડી બે ઘડી બંને માતાઓએ આંખ મિલાવી. (આંખ, દૃષ્ટિ)

(3) તેમનાં ખોળિયાં જુદાં જુદાં હતાં. (મન, ખોળિયાં)

(4) સિંહણ સાવ જ નજીક આવી ગઈ હતી. (સાવ જ, સાવજ)

**7. નીચેના શબ્દોના બે-બે સમાનાર્થી શબ્દો લખો :**

(1) જંગલ = વન, અરણ્ય
(2) ડર = ભય, બીક
(3) શિશુ = બાળક, બચ્ચું
(4) ગોદ = ખોળો, ઉછંગ
(5) ધરતી = ધરા, પૃથ્વી
(6) ઓસાણ = યાદ, ખ્યાલ

8. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :

(1) મુશ્કેલ × સરળ  (2) સૂકાં × લીલાં

(3) નજીક × દૂર  (4) જુદાં × ભેગાં

9. નીચેના શબ્દો જોડણી સુધારીને લખો :

(1) પશ્ચિમ - પશ્ચિમ  (2) આજિવન - આજીવન

(3) પત્થર - પથ્થર  (4) શીશુ - શિશુ

(5) અદભૂત - અદ્ભુત  (6) અસ્તીત્વ - અસ્તિત્વ

10. નીચેના શબ્દસમૂહો માટે એક-એક શબ્દ લખો :

(1) જિંદગીના અંત સુધી — આજીવન, જીવનપર્યંત

(2) માલધારીઓએ જંગલમાં બાંધેલાં ઝૂંપડાંઓનું ગામ — નેસ

(3) સિંહની ગર્જના — ત્રાડ, હાકોટો

(4) કાંટાવાળાં વૃક્ષો અને વેલાઓની ગીચ ઝાડી — કાંટ

(5) જવાબદારી કે રક્ષણ વિના એકલું-અટૂલું મૂકેલું — રેઢું

11. નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યોમાં પ્રયોગ કરો :

(1) કાળના મુખમાં રહેવું - સતત મૃત્યુના ડર કે ભય વચ્ચે રહેવું.

વાક્ય : માલધારીઓ જંગલમાં હંમેશા કાળના મુખમાં રહેવા છતાં નિર્ભય હોય છે.

(2) રસ પડવો - મજા પડવી, આનંદ થવો.

વાક્ય : બાળકોને ક્રિકેટની મેચ જોવામાં ખૂબ રસ પડયો.

(3) આંખમાં આંખ પરોવવી - ખૂબ ધ્યાનથી એકીટશે જોવું

વાક્ય : દીપા મનોજની આંખમાં આંખ પરોવીને જોઈ રહી.

(4) જીવ અડધો થઈ જવો - ચિંતાથી વિહ્વળ થઈ જવું.

વાક્ય : પતિના અકસ્માતના સમાચાર સાંભળતાં, પત્નીનો જીવ અડધો થઈ ગયો

(5) હૃદયનો ટુકડો - ખૂબ વહાલું હોવું

વાક્ય : બાપને માટે એની દીકરી હૃદયનો ટુકડો હોય છે.

(6) આંખે ચક્કર આવવાં - બીકને લીધે બધું ગોળ-ગોળ ફરતું દેખાવું

વાક્ય : સિંહણને બાળક તરફ જતી જોઈને એની માને આંખે ચક્કર આવવાં લાગ્યાં.

(7) જીવ તાળવે ચોંટી જવો - જાણે હમણાં જીવ નીકળી જશે એવું લાગવું.

વાક્ય : સિંહના જડબા આગળ, પોતાના બાળકને જોતાં જ માતાનો જીવ તાળવે ચોંટી ગયો.

(8) આંખો મિલાવવી - વિશેષ ભાવથી જોવું.

વાક્ય : બે બિલાડીઓએ પહેલાં તો આંખો મિલાવી અને પછી પોતપોતાના માર્ગે ચાલી ગઈ.

**12. નીચેનાં વાક્યોમાંથી પ્રશ્નવાક્ય, વિધાનવાક્ય અને ઉદ્ગાર વાક્ય ઓળખાવો :**

(1) કાળના મુખમાં રહેવાનું, છતાં જરાય ડર ન મળે!

(2) બાળક હાથ આવેલું આવું અદ્ભુત રમકડું કેમ કરી છોડે?

(3) તેની આંખોમાં અજબ પરિવર્તન આવી રહ્યું હતું.

ઉત્તર : (1) ઉદ્ગાર વાક્ય (2) પ્રશ્નવાક્ય (3) વિધાનવાક્ય.

**13. નીચેનાં વાક્યોમાંથી વિશેષણ અને વિશેષ્ય શોધીને લખો :**

| | વિશેષણ | વિશેષ્ય |
|---|---|---|
| (1) બાળક અદ્ભુત રમકડું કેમ કરી છોડે? | અદ્ભુત | રમકડું |
| (2) તેની આંખોમાં અજબ પરિવર્તન આવી રહ્યું હતું. | અજબ | પરિવર્તન |

**14. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

સરખાં, શબ્દ, સૂકું, સદી

શબ્દ, સદી, સરખાં, સૂકું

## પ્રવૃત્તિઓ

(1) માતૃહૃદયને લગતી અન્ય વાર્તાઓ વર્ગખંડમાં રજૂ કરો.

(2) સિંહ વિશેની અન્ય વાર્તાઓ મેળવીને પ્રાર્થના-સંમેલનમાં રજૂ કરો.

(3) 'માતા'ને લગતાં અન્ય કાવ્યો બાલસભામાં રજૂ કરો.

### સર્જનાત્મક પ્રવૃત્તિ

**(1) માગ્યા પ્રમાણે કરો :**

- **'મા' સાથે સંકળાયેલા શબ્દોની યાદી તૈયાર કરો. દા. ત., સ્નેહ**

ઉત્તર : વહાલ, મમતા, મમત્વ, હેત, પ્રેમ, લાડ, માતૃત્વ વગેરે.

- **તમારા શિક્ષકની મદદથી 'મા'નો મહિમા દર્શાવતી કહેવતો, પંક્તિઓ જાણો અને લખો.**

ઉત્તર : કહેવતો : 'મા તે મા, બીજા બધા વગડાના વા', 'બાપ મરજે પણ મા ના મરજે', વગેરે.

પંક્તિઓ : 'કોઈનાં મરશો ના મા-બાપ...', 'ગંગામાં નીર તો વધે-ઘટે રે લોલ, સરજો એ પ્રેમના પ્રવાહ રે... જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.' 'મીઠા વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર', 'પછી કોણ પીતા તારું દૂધ પાતું! મહા હેતવાળી દયાળી જ મા તું....'

'મુખ થી બોલું મા ત્યારે સાથે જ બચપણ સાંભરે, પછી મોટપની મજા બધી કડવી લાગે કાગડા.' -કવિ કાગ

- **તમારી 'મા' તમને કેમ ગમે છે? છ-સાત વાક્યો લખો :**

ઉત્તર : મારી 'મા' મને ગમે છે, કારણ કે એની તોલે કોઈ આવી શકે નહિ.

'મારી મા બીજી બધા બાળકોના વા.' કે ફરિયાદ કરું પણ એ તો ક્યારેય ફરિયાદ કરતી નથી. મા ઘરમાં સૌને પ્રેમ આપે છે પ્રેમ આપવો એ જ એનો મંત્ર છે. મેં ભગવાન ને જોયા નથી પણ મારી મા ભગવાનનું જ રૂપ છે એ ન હોય તો! - એ વિચારું છું ને 'મા' ની કિંમત સમજાય છે.

**(2)** તમારા વિસ્તારમાં કયાં કયાં પક્ષીઓ-પ્રાણીઓ જોવા મળે છે? તમને કયું પક્ષી કે પ્રાણી ગમે? આ પક્ષીઓ-પ્રાણીઓ પોતાનાં બચ્ચાંને કેવી રીતે સાચવે છે? આ પક્ષીઓ-પ્રાણીઓની સાર-સંભાળ માટે તમે શું કરશો?

ઉત્તર : મારા વિસ્તારમાં ક્યારેક ગાયો, કૂતરાં, બિલાડી જેવાં પ્રાણી અને કબૂતર, કાગડા, ચકલી, મોર જેવાં પક્ષીઓ જોવા મળે છે મને પ્રાણીમાં ગાય, તેમજ પક્ષીમાં મોર ગમે છે ગાય તેના બચ્ચા (વાછરડા) ને પ્રેમથી ચાટે છે. અને લાડ કરે છે. વાછરડાની નજીક કોઈ જાય, તો ગાય શિંગડાંથી તેનું રક્ષણ કરે છે મોર કે ઢેલ ની પાછળ-પાછળ એનાં બચ્ચાં દોડતાં હોય છે બચ્ચાને ઢેલ ચાલતાં શીખવે છે.

ગાય કે મોરને કંઈ થાય તો પશુ-પંખીઓનાં દવાખાનાનો કે કોર્પોરેશનના પશુ-પંખીઓના રક્ષણ કરનારા ડિપાર્ટમેન્ટનો હું સંપર્ક કરું છું તાત્કાલિક અમે એને ઘરગથ્થું ઉપચાર કરીએ છીએ.

H.W.

**(3)** નીચેનાં વાક્યો યોગ્ય વિરામચિહ્નો મૂકીને ફરીથી લખો :

આ બાજુ પેલા માલધારી શિશુની માતા તેના બાળકના રક્ષણ માટે દોડી હતી. વચ્ચે બે ભૂલકાં : એક પશુદેહધારી, અને એક માનવદેહધારી! કુદરતની કેવી બલિહારી !

ઉત્તર :

* * *

તારીખ ______ શિક્ષકની સહી ______